# મેશ્વો સિંચાઈ યોજનાની કેનાલ ચોકીઓમાં જીવના જોખમે કર્મચારીઓ નોકરી કરે છે

મોડાસા, તા. ૩

વર્ષો પહેલા મેશ્વો સિંચાઈ યોજના અમલમાં આવી ત્યારે તેની નહેરો પર પાણી છોડવામાં આવે તો પાણીના નિયંત્રણ તથા દેખરેખ માટે કેનાલ ચોકીઓ બનાવવામાં આવી ત્યારે કેનાલો બનાવાઈ હતી. આ કેનાલો પર ઠેર ઠેર કેનાલની ચોકીઓ બનાવાઈ હતી અંદાજે ૩૦ વર્ષથી વધુ સમય થયો તેથી આ કેનાલ ચોકીઓ બિસ્માર બની છે અને અંદર રાત્રિના સમયે રોકાતો સ્ટાફ જીવના જોખમે નોકરી કરી રહ્યો છે. ત્યારે નાયબ કાર્યપાલક ઈજનેરની ઉંઘ ઉડશે ખરી ?



પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતમાં કહેવત છે કે 'ગાડાને ગાડા ભરેલી ગ્રાન્ટો બરબાદ થાય પણ જ્યાં જરૂરિયાત હોય ત્યાં કીડી જેટલું પણ ન ખર્ચાય.' આવી જ કઈ દશા મોડાસાના મેશ્વો સિંચાઈ વિભાગની કચેરી હસ્તકની નહેરોની કેનાલ ચોકીઓ બની છે. મેશ્વો સિંચાઈ યોજના કચેરીના એક કર્મચારીએ જણાવ્યું હતું કે મેશ્વો યોજના ૩૦ વર્ષ પહેલા અસ્તિત્વમાં આવી આવી હતી. આ કેનાલ ચોકીમાં રાત્રીના સમયે સ્ટાફ રોકાતો હતો. પણ આ ચોકીઓમાં જાળવણીના અભાવે સાવ મરવા પડી છે. મોડાસા નજીકની મોહનપુર કંપાની ચોકીની વાત કરીએ તો મોટા મોટા સાહેબો ઘરે પરિવાર સાથે આરામ કરે છે. ઠંડીમાં નિકળતા નથી માત્ર મસ્ટરમાં તેમની સ્થળ પર વિઝિટ બોલતી હોય છે. ત્યારે વર્ગ-૩, ૪ ના કર્મચારીઓ, ઠંડીમાં ફરજ બજાવતા હોય છે. આ ચોકીની છતમાંથી તમામ સિમેન્ટના પોપડી પડી ગયા છે. બારી બારણા પોલમ-પોલ બન્યા છે. થોડા સમય પહેલા સાપ પણ ઘુસી ગયો હતો. રાત્રીના ઠંડી તથા પવનની સામે રક્ષણ મેળવી સકાતુ નથી કર્મચારીઓ ચોકીદારો પણ પોપડા પડવાની શક્યતાઓ છે. અને તેમને જીવના જોખમે નોકરી કરવી પડે છે.

# ડીસામાં પોલીસની લાપરવાહીથી અસામાજીક તત્વોને મોકળુ મેદાન

## આંતરા દિવસે મારામારી અને હુમલાના દ્રશ્યોથી નગરજનો ભયભીત : કેટલાક વિસ્તારોમાં દર માસે હપ્તા ઉઘરાવતા દાદાઓ

ડીસા, તા. ૩

ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજીક તત્વોની લુખ્ખાગીરી લોકોમાં ભયનો માહોલ પ્રસરાવી રહી છે. શહેરમાં દારૂ જુગારની બદીની સાથે મિલકત સંબંધી ગુનાઓનું જોર પણ વધી રહ્યું છે. ડીસા નગર અને આસપાસની સોનાની લગડી જેવી જમીન પર જમીન માફીયાઓનો ડોળો મંડાયો ત્યારથી બોગસ દસ્તાવેજો વડે જમીન પચાવવા અને જમીન ખાલી કરાવવાના મામલે સર્જાતા વિવાદોને કારણે શહેરમાં આંતરા દિવસે જીવલેણ હુમલાના બનાવો બની રહ્યા છે.

ડીસા શહેરમાં દાદાગીરી કરી રોફ જમાવતા અને વેપારીઓ તેમજ આમ જનતા પર ધાક જમાવતા દાદાઓ પર પોલીસની ધાક ઓછી થઈ રહી છે. શહેરમાં ગુનાખોરીને ડામવા માટે ગૃહ વિભાગ તરફથી ઉત્તર અને દક્ષિણ એમ બે પોલીસ મથક કાર્યરત કરાયા હોવા છતાં અન્ય ગુનાખોરીથી ઠીક પરંતુ જાહેર માર્ગો પર અડીંગો જમાવી ટ્રાફીકને અવરોધતા વાહન ચાલકો અને વહેલી સવારથી સાંજ સુધી લારી લગાવી માર્ગોનો કબ્જો લેતા લારીવાળાઓ સામે પણ પોલીસ તંત્ર જાણે કે લાચાર બની ગયુ હોય તેમ જણાઈ રહ્યું છે. શહેરમાં મારામારીના દ્રશ્યો સર્જાય ત્યારે પોલીસ પણ કેટલીક બાર મુક પ્રેક્ષક બની રહે છે. દારૂ - જુગારના અડ્ડાઓ પરથી નિયમિત હપ્તા વસુલતા પોલીસ કર્મચારીઓમાં જાણે કે, લોકોની સુરક્ષા અને સલામતી બાબતે નિષ્ઠા જ રહી ન હોય તેમ જણાઈ રહ્યું છે.

શહેરમાં સામાન્ય તકરાર વખતે કેટલાક બિલ્ડરો આજુબાજુના ગામોમાંથી ભાડુતી માણસો લાવી ગુંડાગીરી કરાવે છે. કેટલાક દુકાનદારો પાસે આવા ગુંડાઓ દર માસે હપ્તા પણ વસુલ છે. શહેરના ગાયત્રી મંદિર અને બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવા દાદાઓ દર માસે હપ્તા વસુલવામાં આવતા હોવાનું લોકો જણાવે છે. શહેરમાં સાંજે સુરજ આથમે અને સહેજ અંધારૂ થાય તે સાથે જ દેશી વિદેશી દારૂના ખેપિયા ધંધો શરૂ થઈ જાય છે. હાઈવે તેમજ કેટલીક રહેણાંક વિસ્તારોમાં તો પાણીના પાઉચની જેમ શરાબ વેચાઈ રહ્યો છે. ત્યારે ડીસા શહેર પોલીસ તંત્રીની લાપરવાહીને કારણે ડીસા નગર પર અસામાજીક તત્વો ધાક જમાવી રહ્યા છે ત્યારે જીલ્લા પોલીસવડા આ બાબતની ગંભીર નોંધ લઈ શહેરમાં કથળી રહેલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સત્વરે પગલાં ભરે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

# મોડાસા નગરપાલિકાના કર્મચારીનો પુત્ર ગૂમ થતાં ચકચાર

મોડાસા, તા.૩

મોડાસા નગરપાલિકાના વોટરવર્કસ વિભાગમાં નોકરી કરતા ધર્મા ઉર્ફે ધર્મેન્દ્ર ડામોરનો ૯ વર્ષનો પુત્ર રાજસ્થાનમાં આવેલી શાળામાંથી ગુમ થઈ જતાં અને આ પુત્ર ગુજરાતમાં હોવાની બાતમી મળતાં તપાસનો ધમધમાટ શરુ થયો છે. છેલ્લા ૩ મહિનાથી ગુમ થયેલા પુત્રની ભાળ ન મળતાં સમગ્ર પરિવાર દુખી થયો છે.

આધારભૂત સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા નગરપાલિકા વોટરવર્કસ વિભાગમાં અમરદીપ સોસાયટી વિભાગમાં આવેલા વિભાગમાં ધર્મા ઉર્ફે ધર્મેન્દ્ર ડામોરના વ્યકિત નોકરી કરે છે.જેઓ મૂળ રાજસ્થાનના મેહાબેડી ગામના છે ત્યાં આવેલી મેહાબેડી રાજકીય પ્રાથમિક શાળામાંથી તેમનો ૯ વર્ષનો પુત્ર હરિશ ડામોર એકાએક તા. ૨૬-૯-૨૦૧૩ના રોજ ગાયબ થઈ જતા ચકચાર પ્રસરી છે. આ બાળક ગુમ થઈ જવા પાછળનું ચોકકસ કારણ જાણી શકાયું નથી પણ તેના પિતા ધર્મા ડામોરે રામસાગડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ બાળક ગુજરાતની હોટલમાં કામ કરતો હોવાની પ્રાથમિક માહિતી મળી છે.જેના આધારે રાજસ્થાન પોલીસે ગુજરાતના મોટા ભાગના પોલીસ સ્ટેશનોમાં ઈમેલ કરવામાં આવ્યા છે અને ગુજરાત પોલીસે મોટા પાયે તપાસ હાથ ધરી છે. છેક રાજસ્થાનથી મોડાસામાં પેટીયું રળવા નોકરી કરવા આવેલા ધર્મેન્દ્ર ડામોરે પોતાનો એકનો એક પુત્ર ગુમાવતાં છેલ્લા ૩ માસથી તેમની હાલત દયનીય બની છે.



ડીસા ખાતે આવેલ દેશી લોહાણા રઘુવંશી વાડીમાં જલારામ મિત્ર મંડળ દ્વારા યોજાયેલ પ.પૂ. રમાબેનજી હરીયાણીના સ્વમુખે આ કથાનું ભક્તો દ્વારા રસપાન કરવામાં આવે છે. જેમાં વિશાળ સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થીત રહીને આ સતસંગનો લ્હાવો લે છે. આ કથા સફળ બનાવવા જલારામ મિત્ર મંડળ સક્રિય ભુમીકા ભજવી રહ્યું છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ મહેસાણા દ્વારા સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા.૩

મહેસાણા જિલ્લાના સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ મહેસાણા ખાતે સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો હતો. આ મહોત્સવમાં શિક્ષણ અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયસભાના સાસંદશ્રી નટુજી ઠાકોર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે શિક્ષણ અને પ્રભારી મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે હાલ આ સંસ્થા સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવી રહી છે. મંત્રીશ્રીએ રાજય સરકારની શિક્ષણ ક્ષેત્રે થતી કાર્યવાહી અને વિવિધ યોજનાઓ બાબતે લોકોને વાકેફ કર્યા હતા. કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ વગેરેના કાર્યક્રમોથી શિક્ષણનું સ્તર ઉચું આવ્યું છે. આ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે ડ્રોપ આઉટ રોશીયોમાં ઘટાડામાં પણ સરકારે નોંધપાત્ર સિધ્ધિ મેળવી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ઈઝરાઈલ અને દક્ષિણ કોરીયા જેવા નાના દેશોના દાખલો આપતાં જણાવ્યું કે આ દેશો વર્ષો અગાઉ ખેતી તેમજ શિક્ષણ ક્ષેત્રે પછાત હોવા છતાં આજે નવીન તકનીક અપાવીને દુનિયામાં નામના મેળવી છે. આપણે પણ દેશોની જેમ સમગ્ર વિશ્વમાં કાઠું કાઢવાનું છે. સમાજ, શિક્ષણ અને સંસ્થા વ્યસ્થિત કામગીરી બજાવે તો ઉત્તમ નાગરિકનું નિર્માણ થઈ શકે તેમ છે. રાજયસભાના સાંસદશ્રી નટુજીએ ૧૧ લાખ સંસ્થાને આપ્યા હતા. આ ઉપરાંત તેમણે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સંસ્થાના ચેરમેનશ્રી અનિલભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી લોકોને આવકાર્યા હતા. આ પ્રવચનમાં સંસ્થાની માહિતીથી વાકેફ કર્યા હતા.

આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી ખોડાભાઈ પટેલ, કે.કે. પટેલ, સંસ્થાના ટ્રસ્ટીશ્રી સહિત અન્ય ટ્રસ્ટીઓ, અગ્રણીઓ વિદ્યાર્થી ભાઈ બહેનો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



(ભરત પરમાર, ધાનેરા)

હાલના સમયમાં દિલ્હીમાં આમ આદમીપાર્ટીનું વધતું જોવા મળે છે. ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટીને લોકો માન આપી તેમાં જોડાઈ રહયા છે. ધાનેરા ખાતે મધુસુદન પ્લાઝામાં આમ આદમી પાર્ટીના કાર્યાલયનું આજે સવારે ૧૧ વાગે શુભ ઉદ્ઘાટન કર્યુ હતુ. જેમાં ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગંગાબેન કાગ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ધાનેરાના આમ આદમી પાર્ટીના સંયોજક ઈન્દ્રભાઈ તુંવર તેમજ અશોકભાઈ અને મોટી સંખ્યામાં લોકો ભેગા રહી આમ આદમી પાર્ટીમાં જોડાઈ કાર્યાલયનુ ઉદ્‌ઘાટન કર્યુ હતુ. પ્રથમ દિવસે જ ત્રણસૌ લોકો ધાનેરામાં આમ આદમી પાર્ટીના સભ્યો બન્યા હતા.

# બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૪૧મી પૂણ્યતિથિ નિમિત્તો શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૩

બનાસ ડેરીના આદ્યસ્થાપક દિવંગત ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૪૧મી પૂણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ તા. ૩-૧-૨૦૧૪ના રોજ બનાસ ડેરીમાં યોજવામાં આવ્યો હતો. બનાસડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળે સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી, વંદના સાથે પુષ્પાંજલી અર્પી હતી. ઓએસડી (કોમર્સ) શ્રી એન.કે. દધિચ તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા અધિકારીગણ, કર્મચારીઓએ પુષ્પાંજલિ અર્પી હતી.

બનાસ ડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળે શ્રધ્ધાંજલી સંદેશ આપતાં જણાવ્યું હતું કે બનાસકાંઠાની મહાન વિભૂતિ સ્વર્ગસ્થ ગલબાભાઈ નાનજીભાઈ પટેલું દેહાવસાન તા. ૩-૧-૧૯૭૩ના રોજ થયું હતું. જેને આજે ૪૧ વર્ષ થયા છે. તેમણે રોપેલ ડેરીનું બીજ આજે વટવૃક્ષ બની ફુલ્યું ફાલ્યું છે અને તેની ખ્યાતિ વિશ્વ સ્તરે ફેંલાયેલી છે. જેનો લાભ લાખો લોકોને મળી રહ્યો છે પરિણામે તેમના જીવન ધોરણમાં પરિવર્તન આવેલ છે. આદ્ય સ્થાપક સ્વ. ગલબાભાઈના સ્વપ્રને સાર્થક કરી બનાસ ડેરીએ પ્રગતિના ઘણા શિખરો સર કર્યા છે. આજે આપણે બધા સાથે મળી તેમના આદર્શોને જીવનમાં ઉતારી ખંતથી કાર્ય કરીને ડેરીને વધુને વધુ ઉંચાઈ પહોંચાડીએ તેવી નેમ લઈને કાર્ય કરવાનો વિચાર રજુ કર્યો હતો.



ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનરૂપે ડૉ. બાબા સાહેબની 'સ્ટેચ્યુ ફોર ઈક્વીલીટી' બનાવવા માટે રાષ્ટ્રીય શ્રમજીવી ફાઉન્ડેશનના મહામંત્રી અને આદર્શ રોહિત સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના અગ્રણી દિપક આકેડીવાલે પ્રબળ માંગ કરી છે. ભારત અંગ્રેજોની ગુલામીમાંથી ૧૫ ઓગષ્ટ-૧૯૪૭માં આઝાદ થયું હતું. આઝાદ ભારતનું બંધારણ બનાવવું એ એક વિકટ સમસ્યા હતી અને દરેક સમાજોને સમાન હકો અને અધિકારો સાથે ફરજો બનાવવાના ભાગરૂપે બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રની જનતાને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણ મુજબ લોકશાહીની સત્તા મેળવી હતી. ડૉ. બાબા સાહેબ આંબેડકર એક વિરલ વિશ્વ વિભૂતિ છે. જેમના અવિરત કામો દરેક સમાજો સાથે દલિતો, પદદલિતો માટેના બંધારણીય હકો, ફરજો બનાવે છે. ત્યારે હાલ ડૉ. બાબાસાહેબના સમાજમાં સમાનતા લાવવાના હેતુસર 'સ્ટેચ્યુ ફોર ઈક્વીલીટી' બનાવવા દિપક આકેડીવાલા અને તેમની ટીમની પ્રબળ માંગણી છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# જીજેટીસીઆઈ એકલન્સ એવોડર્સ વિતરણ અને સભ્યોની ડિરેકટરીની ૧૦મી આવૃત્તિનું વિમોચન

અમદાવાદ, તા.૩

વર્ષ ૨૦૦૦માં સ્થાપિત અને દેશના જેમ એન્ડ જવેલરી ટ્રેડર્સ અને ઉત્પાદકોના હીત માટે કાર્યરત જેમ એન્ડ જવેલરી ટ્રેડ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (જીજેટીસીઈ) દ્વારા તેમના આગામી 'જીજેટીસીઆઈ એકસલન્સ એવોર્ડસ'ની ઘોષણા કરવામાં આવી હતી. આ ભવ્ય આયોજનમાં જવેલરી ઉદ્યોગ, સરકાર અને અન્ય ઉદ્યોગોના ૩૦૦થી વધુ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ રાષ્ટ્રીય કાર્યક્રમ 'જીજેટીસીઆઈ-એકસલન્સ એવોર્ડસ' ગુજરાતમાં નારાયણી હાઈટસ, એપોલો હોસ્પિટલ પાસે, ભાટ, ગાંધીનગર હાઈવે, ગાંધીનગર ખાતે ૪ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સાંજે ૬.૩૦ વાગે યોજાશે. આ એવોર્ડસ એનાયત કરવા પાછળના લક્ષ્યને ઉજાગર કરતાં જીજેટીસીઆઈ પ્રમુખ શાંતિભાઈ પટેલે જણાવ્યું હતું 'દેશભરમાંથી ઉત્પાદન, નિકાસ, સેવાકીય વગેરે ક્ષેત્રોમાંથી પસંદ થયેલ તમામ ૪૬ પ્રતિભાશાળી વ્યકિતઓને તેમની ઉપલબ્ધિઓ અને આગવી સેવા બદલ નવાજવામાં આવશે.



પ્રાંતિજ શહેરમાં સ્થિત પ્રાંતિજ પોલીસ મથક ખાતે નવા આવેલા પી.આઈ.નો સત્કાર સમારંભ અને વિદાય લઈ રહેલા પી.આઈ.નો વિદાય સમારંભ યોજાયો હતો. પ્રાંતિજ પોલીસ મથકમાં આવેલા નવા પી.આઈ. બી.એમ. પટેલને પોલીસ કર્મીઓએ પુષ્પગુચ્છ આપી આવકાર્યા. જયારે પ્રાંતિજ પોલીસ મથક વર્તમાન પી.આઈ. એમ.ડી. જાડેજાની અન્ય સ્થળે બદલી થતા તેમને ફુલહાર અને શ્રીફળ આપી વિદાય આપવામાં આવી હતી. (તસવીર : સંજય રાવલ)

# ધનસુરામાં આત્મીય યુવા મહોત્સવ યોજાશે

## હરિપ્રસાદ સ્વામીજીના ૮૦માં પ્રાગટયદિનની વિશિષ્ટ ઉજવણી

ધનસુરા, તા. ૩

સ્વામીનારાયણની કલ્યાણ પરંપરાના વર્તમાન જ્યોતિર્ધર અને યોગી ડિવાઈન સોસાયટીના પરમાધ્યક્ષ પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીના ૮૦મા પ્રાગટ્ય દિની ભાવસભર અને ભવ્ય ઉજવણી તા. પાંચમી જાન્યુઆરીએ અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે થવાની છે. આ મહોત્સવમાં દેશવિદેશના દોઢ લાખથી વધુ ભાવિકો-યુવાનો ભાગ લેવાના છે. દર વર્ષે હરિપ્રસાદ સ્વામીજીનું પ્રાગટ્ય પર્વ જુદા જુદા શહેરોમાં ઉજવાય છે. રાજ્યના આદિવાસી વિસ્તારોમાં વસતા ભક્તોની લાગણીને ધ્યાનમાં રાખીને આ વર્ષે ધનસુરામાં આ પર્વ ઉજવાઈ રહ્યું છે.

આત્મીય સમાજ દ્વારા કોઈપણ ઉત્સવ ઉજવવાનું આયોજન થાય ત્યારે સ્વામીજીની ભાવના એક જ હોય કે ઉત્સવના કેન્દ્રમાં યુવાનો હોવા જોઈએ. કારણ કે સ્વામીજી માને છે કે, 'જો યુવાનો બચશે તો દેશ બચશે. સંસ્કૃતિના સંસ્કારો બચશે. ભારતને તેની આર્થિક સદ્ધરતા નહીં, પવિત્ર, પ્રમાણિક, આત્મીય અને વિવેકી યુવાનો પુનઃ પરમ વૈભવના શિખરે પહોંચાડશે. એટલા માટે જ જીવનના આઠમા દાયકામાં પણ યુવાનો જેવી સ્ફૂર્તિ અને અભિગમથી સતત સેવારત રહે છે.

હરિપ્રસાદ સ્વામીજીએ ગુરૂહરિ યોગીજી મહારાજ પાસેથી મહાદીક્ષા ગ્રહણ કરેલી તે પરમભાગવત ઘટનાને ઈ.સ. ૨૦૧૫માં પચાસ વર્ષ થઈ રહ્યાં છે. દીક્ષાગ્રહણની સુવર્ણજયંતી 'આત્મીય યુવા મહોત્સવ' તરીકે ઉજવાશે. તા. ૫ જાન્યુઆરી, રવિવારે ધનસુરા ખાતે 'આત્મીય યુવા મહોત્સવ'નું તૃતીય સોપાન ઉજવાનાર છે.

ધનસુરા ખાતે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ મહાપ્રસાદ અને ત્યારબાદ સાંજે ૭.૦૦ થી ૧૦.૦૦ મુખ્ય મહોત્સવ ઉજવાશે. પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ઉજવાનારા આત્મીય યુવા મહોત્સવમાં અનુપમ મિશન-મોગરીના અધિષ્ઠાતા પરમ પૂજ્ય જસભાઈ સાહેબ અને પરમ પૂજ્ય અક્ષરવિહારી સ્વામી (સાંકરદા) ખાસ ઉપસ્થિત રહેશે. આ મહોત્સવમાં ભાગ લેવા દેશના જુદાજુદા ભાગો ઉપરાંત અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, જર્મની, સ્વીત્ઝરલેન્ડ, પોલેન્ડ, સીંગાપોર, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ફ્રાંસ, કેન્યા, યુ.એસ.ઈ. વગેરે દેશોમાંથી દોઢ લાખ જેટલા યુવાનો-ભાવિકો આવવાના છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, હરિપ્રસાદ સ્વામીજીની પ્રેરણા અને આશીર્વાદથી યોગી ડિવાઈન સોસાયટી દ્વારા ગુજરાત અને ઓરિસ્સાના આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય વાહિની, અનાજ વિતરણ, વસ્ત્ર વિતરણ, વિદ્યાસહાય, સંસ્કાર કેન્દ્રો જેવી યોજનાઓ છેલ્લા ચાર દાયકાથી હાથ ધરવામાં આવે છે. ભરૂચ નજીકના નેત્રંગમાં વનાસી બંધુઓના લાભાર્થે સંસ્કાર કેન્દ્ર સાકાર થયું છે. આદિવાસી કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ માટે આ કેન્દ્ર આશીવ્રાવદરૂપ બની રહ્યું છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં વસતા આદિવાસી ભાઈઓ-બહેનોને સ્વામીજી પ્રત્યે ભક્તિ અર્ઘ્ય અર્પણ કરવાની તક મળે તેવા ઉદ્દેશથી ભક્ત સમુદાય સામુહિક રીતે ધનસુરામાં આ મહોત્સવ ઉજવી રહ્યો છે.

# શિહોરી કોર્ટ ખાતે સ્નેહમિલન યોજાયો

તાજેતરમાં શિહોરી કોર્ટ ખાતે પ્રિન્સીપાલ સિવિલ જજ આર.આર. મિસ્ત્રીની અધ્યક્ષતામાં સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો.

સ્નેહમિલન સમારોહમાં શિહોરી બાર પ્રમુખ વર્ધીલાલ શાહ તેમજ દયારામ જોષી, હરિપ્રસાદ દવે, અશ્વિનભાઈ શાહ, જી.કે. પ્રજાપતિ, પ્રકાશ જોષી સહિત મોટી સંખ્યામાં ધારાશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧